હલચલ સંલગ્ન
દક્ષિણ દર્શન

27 June, 2020

## કોરોના મહામારી વચ્ચે રાહતકાર્યોની સરવાણી વહાવી રહેલું શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરનું હૈદરાબાદ કેન્દ્ર

કોરોના મહામારી વચ્ચે પૂ. ગુરુદેવ શ્રી રાકેશભાઈની પ્રેરણાથી શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર દ્વારા વિશ્વભરમાં વિવિધ સેવાકાર્યો કરવામાં આવી રહ્યા છે. લગભગ બે હજારથી વધુ સ્વયંસેવકો દ્વારા સ્થાનિક તંત્રના સહકારથી મુંબઈ, હૈદરાબાદ, પૂના, અકોલા, વડોદરા, સૂરત, અમદાવાદ, જયપુર, ચેન્નઈ, બેંગલોર, યુકે તથા અન્ય સ્થળોએ રાહત કામગીરી કરવામાં આવી રહી છે.

આ પરોપકારી પહેલમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરનું હૈદરાબાદ કેન્દ્ર પણ સામેલ થયું છે.

સંસ્થાના સ્વયંસેવકો દ્વારા પોલિસ કર્મચારીઓને ઠંડા પાણીના પાઉચનું વિતરણ, શ્રમિકો તથા તેમના પરિવારજનોને પૌષ્ટિક ભોજનના ફૂડ પેકેટ્સ તથા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, હજારો અબોલ પશુઓને પણ ભોજન આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં લગભગ ૨૨,૩૩,૦૦૦ ગરીબ પરિવારોને ભોજનનું વિતરણ કરવામાં આવ્યું છે. સાથે માસ્ક અને સેનિટાઈઝર પણ આપવામાં આવી રહ્યા છે.સંસ્થા દ્વારા બાયો સૂટ, એન ૯૫ માસ્ક, સ્ટરીલાઈઝર તથા ડિસ્પોઝેબલ ઉપકરણોનું વિશ્વની વિવિધ હોસ્પિટલ્સમાં વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, અત્યાર સુધીમાં ૨૬ લાખથી વધુ થેપલાં, બિસ્કીટ, દોઢ લાખથી વધુ પાણીની બોટલ સાથે ફ્રૂટ જ્યૂસ, છાશ વગેરેનું લગભગ ૧૧.૩૦ લાખ શ્રમિકોને વિતરણ કરવામાં આવ્યું છે. વધુ વિગત માટે સંપર્કઃ ૯૯૨૦૩-૦૪૦૪૭, ૮૩૬૯૪-૬૭૨૨૩.